# BUSINESS મિત્ર

# ખાસ ટ્રેડિંગ સેસનમાં સેન્સેક્સ-નિફ્ટી ઘટયા, બેન્ક નિફ્ટી ઉછળ્યો

**રોકાણકારોની** સંપત્તિમાં એક લાખ કરોડ રૂપિયાનો ઘટાડો નોંધાયો

**શનિવારના** ખાસ સેસનમાં સેન્સેક્સમાં ૨૬૦ પોઇન્ટ અને નિફ્ટીમાં ૫૦ પોઇન્ટનો ઘટાડો નોંધાયો

**વાણિજ્ય પ્રતિનિધિ તરફથી**

**અમદાવાદ, તા. 19:** ભારતીય શેરબજાર આજે શનિવારે ખાસ ટ્રેડિંગ સેસન્સ રાખવામાં આવી રહ્યું હતું, સોમવારે અયોધ્યા ખાતે રામ મંદિરમાં પ્રાણ પ્રતિષ્ઠાના પગલે સોમવારે બજારમાં રજાની જાહેરાત બાદ આજે ખાસ ટ્રેડિંગ સેસન્સ રાખવામાં આવ્યું હતું. આજે શેરબજારમાં સેન્સેકસ-નિફ્ટી ઘટયા હતા, જ્યારે બેન્ક નિફ્ટી ઉછળ્યા હતા અને બેન્ક નિફ્ટી 46000 પોઇન્ટની સપાટી કુદાવી હતી.

વૈશ્વિક સ્તરે મિશ્ર વલણ રહ્યું હતું. જેમાં હેવીવેઇટ શેરોમાં એચડીએફસી બેન્ક ઉતારચઢાવ જોવા મળ્યા હતા. આજે દિવસ દરમ્યાન પોઝિટિવ અને લાલ નિશાનમાં અથડાતું રહ્યા બાદ લાલ નિશાનમાં બંધ રહ્યા હતા.

આજે કારોબાર દરમ્યાન બેન્કીંગ, ફાઇનાન્સીયલ સર્વિસીસ અને ઓઇલ એન્ડ ગેસ શેરોમાં વધારો થયો છે, જ્યારે એફએમસીજી, રિયલ્ટી અને ફાર્મા શેરોમાં ઘટાડો જોવા મળ્યો હતો. આજે એફએમસીજી શેરોમાં ભારે કડાકો બોલાયો હતો, નિફ્ટી એફએમસીજી ઈન્ડેક્સ 1.20 ટકા ઘટયા હતા. જેમાં એચયુએલ, ગોદરેજ કન્ઝયુમર, રેડિકો ખૈતાન, નેસલે ઈન્ડિયા, તાતા કન્ઝયુમર, આઇટીસી અને યુનાઇટેડ બેવરેજીસ ઘટયો હતો. જ્યારે યુનાઇટેડ સ્પીરીટ, કોલગેટ અને ઈમામી સુધારો રહ્યો હતો.

**સેન્સેક્સ 260 પોઇન્ટ અને નિફ્ટી 50 પોઇન્ટ ઘટયા**

ભારતીય શેરબજારમાં સેન્સેક્સ 259.58 પોઇન્ટ એટલે કે 0.36 ટકા ઘટીને 71423.65 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેક્સ 72000 પોઇન્ટની સપાટી કુદાવીને 72026 પોઇન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 71313 પોઇન્ટ સુધી ઘટયો હતો. નિફ્ટી 50.60 પોઇન્ટ એટલે કે 0.23 ટકા ઘટીને 21600 પોઇન્ટની સપાટી કુદીને 21571.80 પોઇન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઈન્ટ્રાડેમાં નિફ્ટી 21720 પોઇન્ટ એટલે કે 21700ની સપાટી કુદાવી હતી, જ્યારે નીચામાં 21542 પોઇન્ટ સુધી ઘટી હતી. જોકે, આજે સેન્સેકસ અને નિફ્ટીની સરખામણીએ બેન્ક નિફ્ટી પોઝિટિવ રહી હતી અને 46000 પોઇન્ટની સપાટી કુદાવી હતી. બેન્ક નિફ્ટી 357.05 પોઇન્ટ એટલે કે 0.78 ટકા ઉછળીને 46058 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | -259.58 | 71423.65 |
| નિફ્ટી | -50.60 | 21571.80 |
| બેન્ક નિફ્ટી | 357.00 | 46058.20 |

**નિફ્ટી**

**ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| કોલ ઇન્ડિયા | 4.06 | 398.80 |
| અદાણી પોર્ટસ | 3.52 | 1193.00 |
| અદાણી પોર્ટસ | 2.48 | 2987.90 |
| કોટક બેન્ક | 2.41 | 1806.80 |
| ICICI બેન્ક | 0.95 | 1008.70 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| એચયુએલ | 3.76 | 2468.90 |
| ટીસીએસ | 2.09 | 3860.65 |
| મહિન્દ્રા-મહિન્દ્રા | 2.01 | 1622.30 |
| ઇન્ડસઇન્ડ બેન્ક | 1.65 | 1535.35 |
| એચસીએલ ટેકનો | 1.53 | 1544.00 |

**સેન્સેક્સ**

**ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| કોટક બેન્ક | 2.33 | 1806.85 |
| ICICI બેન્ક | 1.24 | 1011.50 |
| પાવરગ્રીડ | 0.76 | 237.25 |
| એચડીએફસી બેન્ક | 0.73 | 1481.50 |
| એસબીઆઇ | 0.53 | 631.00 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| એચયુએલ | 3.34 | 2479.00 |
| ટીસીએસ | 1.98 | 3864.00 |
| મહિન્દ્રા-મહિન્દ્રા | 1.61 | 1628.95 |
| ઇન્ડસઇન્ડ બેન્ક | 1.54 | 1536.75 |
| નેસલે ઇન્ડિયા | 1.48 | 2478.00 |

# શેરબજાર ઐતિહાસિક સપાટીએ, પણ જોબ માર્કેટ હજુય પ્રી કોવિડના લેવલે નથી

**દેશમાં** છ સેક્ટરમાં નોકરીઓ વધી, પરંતુ 14 સેક્ટરમાં નોકરીઓ ઘટી

નવી દિલ્હી, તા. 20: દેશમાં નોકરીઓનું દશ્ય ચિંતાજનક છે. 4 વર્ષમાં ખાનગી ક્ષેત્રમાં નવી નોકરીઓમાં વાર્ષિક 3.1 ટકાનો વધારો થયો છે, જ્યારે જીડીપી વૃદ્ધિ દર 4.5 ટકાની આસપાસ છે. પ્રી-કોવિડની સરખામણીમાં, 2975 કંપનીઓમાંથી 49.44 ટકામાં 8.2 લાખ નોકરીઓ ગુમાવવી પડી હતી. બાકીની 1,504 કંપનીઓએ 17.4 લાખ નવી નોકરીઓ ઉમેરી હતી. એકંદરે, નોકરીઓમાં 9.2 લાખનો વધારો થયો હતો. બેંક ઓફ બરોડાના રિસર્ચ રિપોર્ટમાં આ વાત કહેવામાં આવી છે.

આઇટી, ફાઇનાન્સ, રિટેલ સહિત 6 સેક્ટર હતા, જેમાં ચાર વર્ષની સરેરાશ કરતા જોબ ગ્રોથ વધારે હતો. 8 સેક્ટરમાં જોબ ગ્રોથ 2.5 ટકાથી ઓછી રહી હતી. સેક્ટરની 14 કંપનીઓમાં નોકરીઓ ઘટી છે. ટેલિકોમ, ઓટોમોબાઇલ અને આનુષાંગિક ક્ષેત્રોમાં સૌથી વધુ નોકરીઓ જતી જોવા મળી છે. કોવિડ પહેલા 7.06 લાખ નોકરીઓ હતી, જે 34.13 ટકા ઘટીને 4.65 લાખ થઈ ગઈ છે. વાર્ષિક ઘટાડો 8.35 ટકા હતો. પ્રી-કોવિડ સ્તર સુધી પહોંચતા પહેલા જ કંપનીઓએ કોવિડ દરમિયાન મોટા પાયે નોકરીઓમાં ઘટાડો કર્યો હતો. કારણ કે તેમની પાસે કંપનીઓને બચાવવા માટે બીજો કોઈ વિકલ્પ નહોતો. જોકે, કંપનીઓ હવે હાયર કરી રહી છે. પ્રી-કોવિડ સ્તર સુધી પહોંચવામાં સમય લાગશે.

# GST ખાતાએ... વેપારીની જૂની જગ્યાએ તપાસ કરી... GST નંબર કેન્સલ કર્યો, જ્યારે વેપારીએ... નવી જગ્યાનું સરનામું ખાતાને જણાવ્યું હતું ત્યારે... રજીસ્ટ્રેશન કેન્સલ થઇ શકે નહીં...

**નામદાર દિલ્હી હાઇકોર્ટનો અગત્યનો ચૂકાદો...**

**કાયદાની કેડીએ...**

ઈશ્વર રૂદલાલ

વેપારીએ નવી જગ્યાનું સરનામું આપ્યું હોવા છતાં ખાતાના ઓફિસર વેપારીની જૂની જગાએ તપાસ માટે ગયા હતા. ખાતાએ નોંધ્યું કે... વેપારી મળી શકયા નથી, જેથી GST નંબર કેન્સલ કરવામાં આવ્યો. તો શો કોઝ નોટિસ પણ વિચિત્ર હતી, જેમાં નંબર રદ કરવાનો છે તેનો કોઇ ઉલ્લેખ કે કારણો જણાવ્યા ન હતા ત્યારે... નામદાર દિલ્હી હાઇકોર્ટે નોંધણી નંબર રદ કરતો ખાતાનો ઓર્ડર ગેરકાયદેસર ઠરાવી દૂર કર્યો. ખેર! ના. દિલ્હી હાઇકોર્ટના ફ્રીકવન્ટ લોજીસ્ટીકસ સર્વિસ પ્રા.લી. વિ. કમિશ્નર GST ડિપાર્ટમેન્ટના તા. 31.8.23- રી.પી. 43972/2023ના અગત્યના ચૂકાદા તરફ એક નજર નાંખીએ તો....

કંપનીને તા. 20.5.22ની કારણદર્શક નોટિસ બજાવી સાત દિવસમાં જવાબ આપવા જણાવી, અધિકારીશ્રી તરફથી અરજદારને તા. 23.5.22ના હાજર રહેવા જણાવામાં આવ્યું તો... કારણદર્શક નોટિસ વિચિત્ર હતી અને અરજદારને પૂરતી માહિતી પૂરી પાડવામાં આવી નહીં હતી. અલબત્ત ખાતાના આરોપ મુજબ કંપનીએ રજીસ્ટ્રેનશ છેતરપિંડી, જાણી જોઇને ખોટું નિવેદન આપી તેમજ હકીકતો છુપાવી મેળવ્યો છે એવો આરોપ લગાવ્યો હતો. પરંતુ હકીકતમાં અરજદારે કઇ છેતરપિંડી કરી છે, કયું ખોટું નિવેદન આપ્યું છે કે કઇ હકીકત છુપાવી છે એ માટે ખાતા પાસે કોઇ પુરાવો હતો નહીં.

અરજદારે કારણદર્શક નોટિસનો સમયમર્યાદામાં જવાબ આપ્યો નહીં અને અધિકારીએ અરજદારનો GST નંબર જવાબ મળ્યો નથી એટલે રજીસ્ટ્રેશન નંબર રદ કર્યો છે એમ જણાવી GST નંબર તા. 27.7.17ની પશ્ચાદવર્તી અસરથી રદ કર્યો, જે સામેની અપીલ એપેલટ ઓફિસરે તા. 9.6.23ના ઓર્ડરથી નામંજૂર કરતા કંપનીએ ના. હાઇકોર્ટ સમક્ષ રીટ પીટીશન ફાઇલ કરી.

**ચૂકાદો**

ના. હાઇકોર્ટે ચૂકાદો આપતા નોંધ્યું કે ખાતાના ઓફિસર વેપારીની જૂની જગાએ તપાસ માટે ગયા હતા, જ્યારે વેપારીએ નવી જગાનું સરનામું તા. 19.8.22ની અરજી દ્વારા ખાતાને જણાવ્યું હતું.

હકીકતમાં વેપારીની અરજી મંજૂર કરવામાં આવી હતી અને રજીસ્ટ્રેશન સર્ટીફીકેટ સુધારવામાં આવ્યું હતું છતાન ખાતાએ નોંધ્યું કે વેપારી જૂની જગાએ મળ્યા નથી અને તેથી GST નંબર કેન્સલ કરવામાં આવ્યો છે. ના. હાઇકોર્ટે વધુમાં નોંધ્યું કે શો કોઝ નોટિસ વિચિત્ર છે. જેમાં રજીસ્ટ્રેશન નંબર પશ્ચાદવર્તી અસરથી રદ કરવાનો છે તેનો કોઇ ઉલ્લેખ નથી. તો ના. હાઇકોર્ટે સરસ રીતે નોંધ્યું કે કારણદર્શક નોટિસ સ્ટાન્ડર્ડ મુજબની નથી. એટલીસ્ટ શો કોઝ નોટિસમાં ખાતાએ સ્પષ્ટ રીતે કારણ બતાવી નોંધણી નંબર કેમ રદ કરવા માંગે છે તે જણાવવું જોઇએ કે જેથી વેપારી તેનો યોગ્ય જવાબ આપી શકે. તો GST નંબર રદ કરવાના ઓર્ડરમાં પણ કોઇ કારણો આપવામાં આવ્યા નથી અને ના. હાઇકોર્ટે રીટ પીટીશન મંજૂર કરી અરજદારનો GST નંબર રદ કરતો ઓર્ડર ગેરકાયદેસર ઠરાવી દૂર કર્યો. અરજદારનો નોંધણી નંબર સસ્પેન્ડ કરતી કારણદર્શક નોટિસ પણ ગેરકાયદેસર ઠરાવી દૂર કરી.

# શ્રી રામની અયોધ્યા નગરી સાથે જૈનોની આસ્થા પણ જોડાયેલી છે

**ટુ ધ પોઇન્ટ**

સમકિત શાહ



ઇક્ષ્વાકુ વંશની રાજધાની અયોધ્યા રામ લલાના અભિષેક માટે સંપૂર્ણ રીતે તૈયાર થઈ રહી છે. આ શહેર જૈન ધર્મ માટે પણ ખૂબ મહત્ત્વનું છે. જૈન ધર્મના પ્રથમ તીર્થંકર ઋષભદેવનો જન્મ અયોધ્યામાં થયો હતો, જેમના વિશે વેદોમાં પણ વર્ણન જોવા મળે છે. ઋષભદેવનો ઉલ્લેખ ઋગ્વેદ, અથર્વવેદ તેમજ મનુસ્મૃતિ અને શ્રીમદ્ ભાગવતમાં કરવામાં આવ્યો છે. આ સિવાય તીર્થંકર અભિનંદનનાથ, અજીતનાથ, અનંતનાથ અને સુમિતનાથનો જન્મ પણ અયોધ્યામાં થયો હતો. તેથી જૈન ધર્મને અનુસરતાં લોકો પણ મોટી સંખ્યામાં અયોધ્યાની જાત્રા કરવા જાય છે. અયોધ્યામાં જૈન ધર્મ સાથે સંબંધિત અનેક મંદિરો છે. જૈન ધર્મના નિષ્ણાતો કહે છે કે જ્યાં ભગવાનનો જન્મ થયો છે તે સ્થાનને કલ્યાણક ભૂમિ કહેવામાં આવે છે; તેથી અયોધ્યા કલ્યાણક ભૂમિ છે. જૈન ધર્મના પાંચ તીર્થંકરોના ૧૯ કલ્યાણકો અયોધ્યા નગરીમાં થયા હતા. ભગવાન ઋષભદેવની પ્રતિમા અહીં રાયગંજના દિગંબર જૈન મંદિરમાં સ્થાપિત છે, જેની ઊંચાઈ ૩૧ ફૂટ છે. આ ઉપરાંત અયોધ્યામાં આવેલ શ્વેતાંબર જૈન મંદિર જૈન ધર્મના લોકોની આસ્થાનું કેન્દ્ર છે.

જૈન ધર્મના વર્તમાન કાળચક્રના પ્રથમ તીર્થંકર ઋષભદેવ ભગવાનના પિતાનું નામ નાભિ રાજા અને માતાનું નામ મરુદેવી હતું. તેમનો જન્મ ચૈત્ર વદ ૮ ના રોજ થયો હતો અને માઘ વદ ૧૩ના રોજ નિર્વાણ થયું હતું. બીજા તીર્થંકર અજિતનાથનો જન્મ માઘ સુદ આઠમે થયો હતો. તેમના પિતાનું નામ જીતશત્રુ અને માતાનું નામ વિજયા હતું. ચૈત્ર સુદ ૫ ના રોજ સમેતશિખર ખાતે તેમનું નિર્વાણ થયું હતું. ચોથા તીર્થંકર અભિનંદન સ્વામીનો જન્મ અયોધ્યામાં માઘ સુદ ૨ ના રોજ થયો હતો અને વૈશાખ સુદ ૮ ના રોજ સમેતશિખરમાં નિર્વાણ પામ્યા હતા. પાંચમા તીર્થંકર સુમતિનાથનો જન્મ વૈશાખ સુદ ૮ ના રોજ અયોધ્યામાં થયો હતો અને ચૈત્ર સુદ ૯ ના રોજ સમેતશિખરમાં નિર્વાણ પામ્યા હતા. ૧૪મા તીર્થંકર અનંતનાથનો જન્મ અયોધ્યામાં વૈશાખ વદ ૧૩ના રોજ થયો હતો અને ચૈત્ર સુદ ૫ના રોજ સમેતશિખરમાં તેમનું નિર્વાણ થયું હતું. શિવપુરાણમાં ભગવાન ઋષભ દેવની ગણના શિવના ૨૮ યોગ અવતારોમાં થાય છે. તે સમયે અયોધ્યાને વિનીતા નગરી પણ કહેવામાં આવતી હતી. ઇક્ષ્વાકુ વંશની સ્થાપના પણ ભગવાન ઋષભના સમયમાં થઈ હતી. ઋષભ કુમારના લગ્ન સુનંદા અને સુમંગલા નામની અનાથ કન્યા સાથે થયા હતા. તેમને ૧૦૦ પુત્રો અને ૨ પુત્રીઓનો જન્મ થયો હતો. સિંહાસન પર આવ્યા પછી ઋષભ દેવે તેમની પ્રજાને ચંત્રવિદ્યા, હસ્તકલા, વાણિજ્ય, કળા, કૃષિ વગેરે દ્વારા આજીવિકા મેળવવાનું શીખવ્યું. તેમના પુત્ર ભરત પ્રથમ ચક્રવર્તી હતા. તેમના નામ પરથી આપણા દેશનું નામ ભારતવર્ષ રાખવામાં આવ્યું છે. ઋષભ દેવે લગ્ન પ્રથા શરૂ કરી અને પોતાની બહેન સાથે લગ્ન કરવાની મનાઈ ફરમાવી. ગુનાને રોકવા માટે તેમણે દંડ પ્રણાલી શરૂ કરી. ભગવાન ઋષભ દેવની ઉંમર ૮૪ લાખ પૂર્વ વર્ષ હતી. તેમણે ૮૩ લાખ પૂર્વ વર્ષ શાસન કર્યું. તે પછી તેમણે દીક્ષા લઈને સાધુજીવન જીવવાનું શરૂ કર્યું. તેઓ એક હજાર વર્ષ સુધી ધ્યાનમાં રહ્યા. એક વર્ષ તપસ્યા કર્યા બાદ પુરીમતાલપુરમાં એક ઝાડ નીચે તેમને કેવળજ્ઞાન થયું અને તેઓ સર્વજ્ઞ બની ગયા. તેમના જીવનનો અંત નજીક છે તે જાણીને તે ૧૦ હજાર સાધુ ભગવંતો સાથે અષ્ટાપદ પર્વત પર પહોંચ્યા અને બે દિવસના ઉપવાસ અને તપસ્યા બાદ તેમને નિર્વાણ પ્રાપ્ત થયું હતું.

બનારસ હિન્દુ યુનિવર્સિટીના અવધ કિશોર નારાયણે ૧૯૬૯-૭૦ દરમિયાન અયોધ્યામાં ખોદકામનું નેતૃત્વ કર્યું હતું. તેમણે અવલોકન કર્યું હતું કે આ વિસ્તારમાં જૈનોની હાજરીના મજબૂત પુરાવા છે. પ્રોફેસર બી.બી. લાલે ૧૯૭૫-૭૬માં ભારતીય પુરાતત્ત્વ ખાતા દ્વારા રામ જન્મભૂમિના વિસ્તારના વધુ વિગતવાર અભ્યાસનું નેતૃત્વ કર્યું હતું. બી.બી. લાલની આગેવાની હેઠળ પુરાતત્ત્વવિદોની ટીમે રામાયણ સાઇટ્સના પુરાતત્ત્વ નામના પ્રોજેક્ટ પર કામ કર્યું હતું, જેમાં રામાયણ સંબંધિત પાંચ સ્થળોનું ખોદકામ કરવામાં આવ્યું હતું. આ અભ્યાસનાં પરિણામો તે સમયગાળામાં પ્રકાશિત થયા ન હતા. ત્યાર બાદ ૧૯૭૫ અને ૧૯૮૫ ની વચ્ચે અયોધ્યામાં એક પુરાતત્ત્વીય પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યો હતો, જેના માટે રામાયણમાં ઉલ્લેખિત અમુક સ્થળોની તપાસ કરવામાં આવી હતી. બાબરી મસ્જિદ સ્થળ આ પ્રોજેક્ટ દરમિયાન તપાસવામાં આવેલ ચૌદ સ્થળોમાંથી એક હતું. બી.બી. લાલે અયોધ્યામાં ખોદકામ હાથ ધર્યું ત્યારે એક જૈન તીર્થંકરને દર્શાવતી ટેરાકોટાની મૂર્તિ મળી આવી હતી. જૈન સમતા વાહિનીએ જણાવ્યું હતું કે પ્રોફેસર બી.બી. લાલ દ્વારા ૧૯૭૬માં હનુમાન ગઢીમાં હાથ ધરવામાં આવેલા ખોદકામમાં જે ટેરાકોટાની મૂર્તિ મળી આવી હતી, તે ચોથી સદીની જૈન તીર્થંકરની મૂર્તિ હતી. ભારતીય પુરાતત્ત્વ સર્વેક્ષણના ભૂતપૂર્વ મહાનિર્દેશક પ્રોફેસર બી.બી. લાલ જેવા નિષ્ણાતો પણ આ વાત સ્વીકારે છે.

ભારતીય પુરાતત્ત્વ સર્વેક્ષણના તત્કાલિન મહાનિર્દેશક બી.બી. લાલે પહેલી વાર રામ જન્મભૂમિ અને બાબરી મસ્જિદની વિવાદિત જમીનનો પુરાતત્ત્વીય સર્વે કર્યો ત્યારે તે ટીમમાં કે.કે. મુહમ્મદનો પણ સમાવેશ કરવામાં આવ્યો હતો. મુહમ્મદે અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીમાંથી ઇતિહાસમાં માસ્ટર ડિગ્રી પ્રાપ્ત કર્યા પછી સ્કૂલ ઓફ આર્કિયોલોજીમાં અભ્યાસ કરવાનું શરૂ કર્યું, એટલે કે તેમણે એક વિદ્યાર્થી તરીકે આ સર્વેમાં ભાગ લીધો હતો. થોડાં વર્ષો પછી કે.કે. મુહમ્મદે વિવાદિત સ્થળ પર કરવામાં આવેલ પુરાતત્ત્વીય સર્વેક્ષણ જાહેર કર્યું અને કહ્યું કે ત્યાં પ્રાચીન મંદિરોના અવશેષો મળી આવ્યા છે. તેમણે બધાને આશ્ચર્યચકિત કરી દીધા હતા. ઘણા નિષ્ણાતો કહે છે કે આ અવશેષો માત્ર હિન્દુ મંદિરના છે તે ચોક્કસ કહેવું મુશ્કેલ છે. કેટલાક પુરાતત્ત્વવિદોનું એવું પણ કહેવું છે કે ત્યાં કોઈ જૈન મંદિર હોવાની શક્યતાને નકારી શકાય નહીં.

કે.કે. મુહમ્મદ પહેલા બી.બી. લાલે પણ પોતાના રિપોર્ટમાં આ જ વાત કહી હતી, પરંતુ કે.કે. મુહમ્મદના નિવેદનથી સમગ્ર વિવાદમાં નવો વળાંક આવ્યો હતો, કારણ કે એક તરફ તેઓ મુસ્લિમ હતા અને બીજી તરફ તેમણે અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીમાંથી ઈતિહાસનો અભ્યાસ કર્યો હતો. આજે પણ કે.કે. મુહમ્મદ સિત્તેરના દાયકાના ઉત્તરાર્ધમાં કરાયેલા આ સર્વે પર અડગ છે. તેમનું કહેવું છે કે પહેલો સર્વે સિત્તેરના દાયકામાં કરવામાં આવ્યો હતો, પરંતુ વર્ષ ૨૦૦૩માં જે સર્વે કરવામાં આવ્યો હતો તેમાં પણ ત્રણ મુસ્લિમોનો સમાવેશ કરવામાં આવ્યો હતો, જેમણે ભારતીય પુરાતત્ત્વ સર્વેક્ષણમાં કામ કર્યું હતું. થોડાં વર્ષો પહેલા કે.કે. મુહમ્મદ ભારતીય પુરાતત્ત્વ સર્વેક્ષણમાં નિયામકના પદ પરથી નિવૃત્ત થયા હતા. આજકાલ તે કેરળના કોઝિકોડમાં રહે છે.

બે વખત કરવામાં આવેલા પુરાતત્ત્વીય સર્વેક્ષણનું વિશ્લેષણ કરતાં કે.કે. મુહમ્મદ કહે છે કે વિવાદિત સ્થળ પર મળેલી લાંબી દીવાલ અને ગુંબજ જેવી રચનાઓ કોઈ ઈસ્લામિક બાંધકામની નથી, કારણ કે તેમાં મૂર્તિઓ છે. તેમના ઈસ્લામિક પૂજા સ્થળ હોવાનો પ્રશ્ન જ ઊભો થતો નથી. તેમણે મગરની પ્રતિમાનો પણ ઉલ્લેખ કર્યો હતો, જેના અવશેષો એએસઆઈ દ્વારા વિવાદિત સ્થળ પર તેના સર્વેક્ષણ દરમિયાન મળી આવ્યા હતા. આ સિવાય તેમણે માટીની બનેલી ઘણી મૂર્તિઓ અને સ્થાપત્યોનો પણ ઉલ્લેખ કર્યો હતો, જેના અવશેષો મળી આવ્યા હતા.

આવા કેટલાક શિલાલેખ પણ મળી આવ્યા છે, જે દિલ્હીમાં કુતુબમિનાર પાસેની મસ્જિદમાં મળેલા શિલાલેખ જેવા જ છે. કે.કે. મુહમ્મદનું કહેવું છે કે આ શિલાલેખો પણ ૧૦મી સદીના છે. આવાં બધાં કારણે અયોધ્યા શહેર સાથે હિન્દુઓ ઉપરાંત જૈનોની આસ્થા પણ જોડાયેલી છે.

**શિવપુરાણમાં ભગવાન ઋષભ દેવની ગણના શિવના ૨૮ યોગ અવતારોમાં થાય છે. ઇક્ષ્વાકુ વંશની સ્થાપના પણ જૈન ધર્મના પ્રથમ તીર્થંકર ભગવાન ઋષભદેવના સમયમાં થઈ હતી**

**સોના-ચાંદી સુરત**

(ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૬૪૩૨૦ |
| તેજાબી સોનું | ૬૪૨૩૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૬૧૧૦૫ |
| દાગીના-બીએસઆઇ હોલમાર્ક | ૬૩૦૩૦ |
| સોનાનાં બિસ્કીટ | ૬૪૩૨૦૦ |
| ચાંદી (૯૯૯) | ૭૩૦૦૦ |
| ચાંદી સિક્કા | ૭૪૫૦૦ |

**જથ્થાબંધ ખાંડબજાર**

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-૩૦ (ભરવાલાયક) | ૪૨૦૦ |
| એમ-૩૦ | ૪૧૫૦ |
| એસ-૩૦ | ૪૧૦૦ |
| **ગુજરાત** | |
| એમ-૩૦ | ૪૦૫૦ |
| એસ-૩૦ | ૪૦૦૦ |

**યાર્ન બજાર** જીએસટી સાથેના ભાવ સુરત નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન રૂા.** | | ૭૫/૩૬ ’’ | ૧૨૩ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૬૫.૧૬ | ૫૦/૩૬ ’’ | ૧૩૪ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૪૨ |
| ૩૦/૩૬ એફડી | ૨૭૫.૨૫ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૧૯૫ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૩૩ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૩૨ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૨૭ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૭૩ |
| ૬૮/૩૬ | ૧૨૯ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૩૩ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૨૭ | ૧૦૦ ટેક્ષ | ૧૨૬ | ૬૮ ક્રિમ્પ | ૧૩૦ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૨૩ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૨૮ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૨૪ | ૮૦/૭૨ રોટો | ૧૨૯ | ૭૫ ક્રિમ્પ | ૧૨૭ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૮૫ | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૪૨ | ૮૦ ક્રિમ્પ | ૧૨૪ |
| ૮૦/૭૨ રોટો. | ૧૨૮ | ૧૬૦ ડીસ્કેટ | ૧૫૦ | ૮૦/૭૨ રોટો | ૧૨૯ |
| ૮૦/૩૬ રોટો. | ૧૨૭ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૧૯ | ૮૦/૧૦૮ ’’ | ૧૩૯ | ૩૦/૩૬ એફડી | --- |





























